| GJJN110007032024 | સત્યમેવ જયતે | રજુ તારીખ : | 26 | 09 | 2024 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 26 | 09 | 2024 |
| | | ફેસલ તારીખ : | 30 | 04 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 01 | 07 | 04 |
| | | **આંક : ૭૩.** | | | |

---

**ભેસાણના મહેરબાન મુખ્ય સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ભેસાણ.**

---

**રેગ્યુલર દિવાની મુકદ્દમા નં.૩૦/૨૦૨૪.**

**વાદી :** પશ્ચિમ ગુજરાત વિજ કંું.લી.,
ભેસાણ સબ ડીવિજન,
ભેસાણ, જી.જુનાગઢ.

**:: વિરૂધ્ધ ::**

**પ્રતિવાદી :** કૃપેશભાઈ ચંદુભાઈ સાવલીયા,
ઉ.વ. : ૨૫, ધંધો : વેપાર,
રહે.કરીયા રોડ, મેંદપરા, તા.ભેસાણ.

---

**દાવો : રૂા.૮૯,૫૭૧–૮૫ પૈસા વસુલ મેળવવા માટે..**

---

વાદી તરફે : વિધ્વાન વકીલ શ્રી એન.એ.શેઠ.
પ્રતિવાદી તરફે : વિધ્વાન વકીલ શ્રી જે.જી.વાછાણી.

---

**:: <u>જ જ મે ન્ટ</u> ::**

(૧). **<u>વાદીના દાવાની ટુંકમા હકીકત</u> :–**

વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, વાદી સંસ્થા તે ગુજરાત રાજયના કાયદાથી રચાયેલી કંપની છે, તેની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ રાજકોટ મુકામે આવેલ છે, તથા તેની વિભાગીય ઓફિસ અને પેટા વિભાગીય ઓફિસ

જીલ્લા અને તાલુકા કક્ષાએ આવેલ છે. જે પૈકી વાદીની પેટા વિભાગીય ઓફિસ જુનાગઢ જીલ્લાના ભેસાણ ગામમાં આવેલી છે અને નાયબ ઈજનેર તે સંસ્થાના વડા છે અને તેમને આ દાવો દાખલ કરવા અધિકાર છે.

**(૧.૧).** વધુમાં, વાદી જણાવે છે કે, તા.૧૯–૧૦–૨૦૨૩ ના રોજ વાદી કંપનીના અધિકારી ધ્વારા મેંદપરા મુકામે વિજ ચેકિંગની કામગીરી હાથ ધરતાં, પ્રતિવાદીના રહેણાંક મકાનમાં કોઈપણ પ્રકારનું વિજ જોડાણ આવેલ ન હતું અને મકાનની પાછળ આવેલ વાદી કંપનીના હળવા દબાણની લાઈનના પોલ ઉપરથી આશરે ૧૨ મીટર લાંબો પીળા રંગનો વિજ વાયર જોડીને પ્રતિવાદીએ પોતાના મકાનની અંદર રહેલ ફયુઝ બોર્ડમાં જોડીને બિનઅધિકૃત રીતે વિજચોરી કરતા રંગે હાથ ઝડપાયેલા. સ્થળ પરથી ૧૨ મીટર પીળા રંગનો વાયર કબજે લેવામાં આવેલ. આ સ્થળ ઉપર કનેકટેડ લોડ ૩.૫૦૩, જેના યુનિટ ૪૯૮૭, જે ચેકિંગ સીટ નં.૩૯૧૮ માં બતાવેલ છે, જેનું રૂા.૭૯,૩૦૧–૫૭ પૈસાનું વિજ ચોરીનું બિલ વિજ અધીનિયમ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબ તા.૨૦–૧૧–૨૦૨૩ ના રોજ પ્રતિવાદીને આપવામાં આવેલ છે.

**(૧.૨).** વધુમાં, વાદી જણાવે છે કે, સદર વિજ ચોરીના બિલની સદર રકમ પ્રતિવાદીએ ભરપાઈ ન કરતાં, તા.૧૨–૦૪–૨૦૨૪ ના રોજ પ્રતિવાદીને નોટીસ આપવામાં આવેલ, તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીને લેણી રકમ વસુલ ન આપતા વાદીને હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે. હાલના દાવા થકી વાદીએ પ્રતિવાદી પાસેથી વિજ ચોરી બિલની રકમ રૂા.૭૯,૩૦૧–૫૭ તથા તેના પર નવેમ્બર–૨૦૨૩ થી જુલાઈ–૨૦૨૪ સુધીનો ડીપીસી રૂા.૧૦,૨૭૦–૨૮ મળી કુલ રૂા.૮૯,૫૭૧–૮૫ પૈસા દાવા તારીખથી વસુલ થતા સુધી માસિક ૧.૩૩% લેખે ડીપીસી સહીત વસુલ મેળવી શકાય તેવું હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે, તેમજ દાવાને અનુરૂપ મળી શકતી તમામ દાદ તથા ખર્ચ અપાવવા માંગણી કરેલ છે.

(૨). **<u>પ્રતિવાદીને સમન્સ/નોટીસની બજવણી અને તેમનું લેખિત નિવેદન</u> :–**

(૨.૧). આ કામના પ્રતિવાદીને સદરહું દાવાનો સમન્સ આંક–પ ના બેલીફશ્રીના રીપોર્ટ અનુસાર બજી જવા છતાં હાજર ન રહેતા તેમજ કોઈ કાર્યવાહી ન કરતા પ્રતિવાદી વિરુધ્ધ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવા અમારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ વાદીની આંક–૨૫ ની અરજી લગત તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે.

(૨.૨). ત્યારબાદ, આ કામે પ્રતિવાદી તેમના વિધ્વાન વકીલશ્રી સાથે આ અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ અને આંક–૩૧ થી દાવાની કાર્યવાહી બાયપાર્ટી કરવા તેમજ તેમનો જવાબનો હકક રી–ઓપન કરવા અરજ ગુજારતા આંક–૩૧ લગત થયેલ હુકમ મુજબ અગાઉ થયેલ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ રદ્દ કરી બાયપાર્ટી ચલાવવા તેમજ પ્રતિવાદીનો જવાબનો હકક રી–ઓપન કરવાનો તા. ૨૪/૦૭/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવે છે.

(૨.૩). ત્યારબાદ, આ કામે પ્રતિવાદીએ આંક–૩૨ થી પોતાનો લેખિત જવાબ રજુ રાખેલ છે.પ્રતિવાદીએ પોતાના લેખિત સ્વરૂપના વિસ્તૃત જવાબમાં વાદીના દાવાના કથનો નો તેમજ વિજ ચોરી તથા વિજ બિલ મુજબના વાદીના લેણા હોવાનો ઈન્કાર કરેલ છે. વાદીએ હાલના દાવામાં જે દસ્તાવેજો રજુ કરેલ છે તે ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદીએ તેમના મકાનમાં વાદી કંપનીનું કોઈ વીજ જોડાણ જોડેલ નથી. તેઓ અમદાવાદ મુકામે રહે છે. પ્રતિવાદીને ખોટી રીતે વીજ ચોરીમાં સંડોવી દેવામાં આવેલ છે. તેમના પૂર્વજોએ અગાઉ વાદી કંપનીમાંથી વીજ જોડાણ માંગેલું. તેમ છતાં રાગદેષ રાખીને તેઓને વીજ જોડાણ આપવામાં આવેલ નહીં. તેઓને અગાઉ પણ ખોટી રીતે વીજ બીલ ભરપાઈ કરવા માટે આપેલ છે, જે તેઓએ ભરપાઈ કરેલ છે. વાદી ખોટી રીતે હાલનો દાવો લાવેલ હોય, દાવો ખર્ચ સહિત રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

(૩). <u>વાદી તરફે રજુ થયેલ પુરાવો</u> :–

<u>મૌખિક પુરાવો</u> :–

(૧). આંક–૨૪ થી વાદી કંપનીના નાયબ ઈજનેર મોહીતભાઈ હિતેષભાઈ સીધ્ધપરાનું સરતપાસનું સોગંદનામું.

(૨). આંક–૩૬ થી વાદી કંપનીના નાયબ ઈજનેર દેવશીભાઈ મારખીભાઈ ચોચાનું સરતપાસનું સોગંદનામું.

(૩). આંક–૪૧ થી વાદી કંપનીના કર્મચારી તુષાર કેશવભાઈ રાદડીયાનું સરતપાસનું સોગંદનામું.

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

(૧). આંક–૧૨ થી વિજ જોડાણ તપાસણી અહેવાલ,

(૨). આંક–૧૩ થી રોજકામ,

(૩). આંક–૧૪ થી કબજે લીધેલ વસ્તુઓની યાદી,

(૪). આંક–૧૫ થી એનેકસર–સી,

(૫). આંક–૧૬ થી વિજ ચોરીનું બિલ,

(૬). આંક–૧૭ થી બિલ આપ્યાનો ફોરવર્ડીંગ પત્ર,

(૭). આંક–૧૮ થી નોટીસની સ્થળપ્રત,

(૮). આંક–૧૯ થી રજી.એ.ડી.ની એકનોલેજમેન્ટ સ્લિપ,

(૯). આંક–૨૦ કેલ્યુલેશન સીટ,

(૧૦). આંક–૨૧ થી લેજર કોપી.

(૧૧). આંક–૨૨ થી કેસ હિસ્ટ્રી,

(૧૨). આંક–૨૩ થી પરફોર્મા નં.૧૨ દાવો કરવા માટેની પ્રપોઝલ,

ત્યારબાદ આ કામે વાદી તરફથી આંક–૪૩ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે. તે પછી વાદી તરફે બીજો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૪). **<u>પ્રતિવાદી તરફે રજુ થયેલ પુરાવો</u> :–**

**<u>મૌખિક પુરાવો</u> :–**

(૧). આંક–પર થી પ્રતિવાદી કૃપેશભાઈ ચંદુભાઈ સાવલીયાનું સરતપાસ નું સોગંદનામું.

**(૪.૧).** વધુમાં, આ કામે રેકર્ડ જોતા પ્રતિવાદીને તેમનો પુરાવો રજુ કરવા માટે વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં પુરાવો રજુ કરેલ ન હોય જેથી આંક–૧ લગત તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ હુકમ કરી પ્રતિવાદીનો પુરાવો બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ, પ્રતિવાદી તરફથી આંક–૪૬ થી પુરાવાનો હકક રી–ઓપન કરવા માટે તા.ર/૧૧/૨૦૨૫ ના રોજ અરજી રજુ કરતાં તાલુકા લીગલ સર્વીસીસ ઓથોરીટી, ભેસાણમાં રૂા.૫૦૦/– ખર્ચના ચુકવ્યેથી પ્રતિવાદીનો પુરવાનો હકક રી–ઓપન કરવામાં આવેલ છે.

**(૪.૨).** ત્યારબાદ, પણ પ્રતિવાદીને તેમનો પુરાવો રજુ કરવા માટે વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં પુરાવો રજુ કરેલ ન હોય જેથી ફરીથી આંક–૧ લગત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ હુકમ કરી પ્રતિવાદીનો પુરાવો બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદી તરફથી આંક–૪૯ થી પુરાવાનો હકક રી–ઓપન કરવા માટે તા.૧૫/૦૧/૨૦૨૬ નારોજ અરજી રજુ કરતાં તાલુકા લીગલ સર્વીસીસ ઓથોરીટી, ભેસાણમાં રૂા.૧૦૦૦/– ખર્ચના ચુકવ્યેથી પ્રતિવાદીનો પુરવાનો હકક રી–ઓપન કરવામાં આવેલ છે અને પ્રતિવાદીએ ઉપરોકત ખર્ચની રકમ જમા કરાવતા આંક–પર થી પ્રતિવાદીનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે.

**(૪.૩).** ત્યારબાદ, પ્રતિવાદીને ઉલટતપાસ માટે હાજર રહેવા વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં, પ્રતિવાદી હાજર રહેલ ન હોય જેથી પ્રતિવાદીના આંક–પર ના સોગંદ નામા લગત તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ હુકમ કરી પ્રતિવાદીનું સરતપાસ સોગંદ નામું વંચાણે ન લેવા બાબતે ડીસ્કાર્ડ કરવાનો તેમજ પ્રતિવાદીનો પુરાવો બંધ કરવા હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદી તરફથી બીજો કોઈ મૌખિક પુરાવો રજુ

કરવામાં આવેલ નથી.

**<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

(૧). આંક–૫૭ થી પ્રતિવાદીના પિતાની નામ ફેર ગેઝેટની નકલ,

(૨). આંક–૫૮ થી વાદી તરફથી પ્રતિવાદીના પિતાને માસીક યોજનાનો લાભ મેળવવા માટે જાણ કરતો પત્ર,

(૩). આંક–૫૯ થી ડિસ્ટ્રીકટ કોર્ટ, વિસાવદર તરફથી વાદીના પિતાને સ્પેશ્યલ દિવાની મુકદમા (ઈલે.)નં. ૧૫/૨૦૧૮ ના કામે પાઠવવામાં આવેલ નોટીસની નકલ,

(૪). આંક–૬૦ થી પ્રતિવાદીના પિતાજીએ વાદી કંપનીમાં માંગણી કરેલ વીજ જોડાણનું ફોર્મ,

(૫). આંક–૬૧ થી મેંદપરા, તા.ભેસાણ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ આકારણી પત્રક,

(૬). આંક–૬૨ થી રૂા.૪૦/– નું વીજ બીલ ઘુસાભાઈ રણછોડભાઈએ વાદી કંપનીમાં ભરપાઈ કરેલ તેની અસલ રસીદ,

(૭). આંક–૬૩ થી પ્રતિવાદીના દાદાએ વાદી કંપનીમાં માંગેલ વીજ કનેકશનના ફોર્મની નકલ,

(૮). આંક–૬૪ થી તલાટી મંત્રીશ્રીએ પ્રતિવાદીના દાદાને વીજ કનેકશનની જરૂરીયાત હોવાનું આપેલ દાખલાની નકલ,

(૯). આંક–૬૫ થી પ્રતિવાદીના દાદાના સંયુકત નામે આવેલ જમીનના ૭–૧૨ ની નકલ,

(૧૦). આંક–૬૬ થી પ્રતિવાદીના દાદાના સંયુકત નામે આવેલ જમીનના ૮–અ ની નકલ.

આ સિવાય પ્રતિવાદી તરફથી અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ

કરવામાં આવેલ નથી.

(૫). **<u>નિર્ણય માટેના મુદ્દા</u> :–**

સદરહું દાવાના કામે મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશશ્રી ધ્વારા આંક–૧૦ થી મુદ્દા ઘડયા છે. જો કે સદર મુદ્દા પ્રતિવાદીનો જવાબનો હકક બંધ કર્યા બાદ માત્ર એકતરફી રીતે ઘડવામાં આવેલા હોય અને તે બાદ પ્રતિવાદીએ અદાલત સમક્ષ ઉપસ્થીત રહી, આંક–૩૧ થી પોતાના જવાબનો હકક રી–ઓપન કરાવી, આંક–૩૨ થી પોતાનો લેખિત જવાબ/નિવેદન રજુ રાખેલ હોય, જે હકીકત ધ્યાને લઈ, આંક–૧ હેઠળના તા.૧૪–૦૮–૨૦૨૫ ના હુકમ મુજબ આંક–૧૦ થી ઘડવામાં આવેલા મુદ્દામાં મુદ્દા નં.(૨–એ) થી (૨–ડી)નો ઉમેરો કરવામાં આવ્યો છે. જે આંક–૧૦ થી નીચે મુજબના મુદ્દા ઘડયા છે.

**<u>મુદ્દા</u>**

(૧). શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીને તા.૧૯–૧૦–૨૦૨૩ ના રોજ ભેસાણ તાલુકાના મેંદપરા ગામે આવેલ મકાનની અંદર તપાસ કરતા કોઈપણ પ્રકારનું વિજ જોડાણ આવેલ નથી અને મકાનની પાછળ આવેલ પીજીવીસીએલના એલ.ટી.લાઈનના પોલ પરથી આશરે ૧૨ મીટર લાંબો પીળા રંગનો વિજ વાયર જોડી મકાનની અંદર રહેલ ફ્યુઝ બોર્ડમાં જોડીને તેમાંથી આ ઘરમાં બિન–અધિકૃત વિજ ચોરી કરતા રંગેહાથ ઝડપાયેલ છે અને સ્થળ ઉપરથી ૧૨ મીટર પીળા કલરનો વાયર કબજે લીધેલ છે ?

(૨). શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી ધ્વારા ડાયરેકટ એલ.ટી. લાઈનના પોલ લાઈનમાંથી વિજ ચોરી કરતા બિનઅધિકૃત રીતે વિજવપરાશ કરતા પકડાઈ ગયેલ હતા અને તે અંગેનું બિલ રૂા.૭૯,૩૦૧–૫૭ પૈસાનું પ્રતિવાદીને આપવામાં આવેલ છે અને ડી.પી.સી રકમ રૂા.૧૦,૨૭૦–૨૮ મળી કુલ રકમ રૂા.૮૯,૫૭૧–૮૫ ની રકમ લેણી રકમ બાકી નિકળે છે ?

તેમજ લેણી રકમ ઉપર દાવો દાખલ તારીખથી માસિક ૧.૩૩ ટકા લેખે ડી.પી.સી. ચાર્જ સહીતની વસુલ મેળવવા હકકદાર બને છે ?

(૨–એ). શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ કોઈ વિજ ચોરી કરેલ ન હોવા છતાં વાદી કંપનીએ ખોટું પુરવણી બિલ આપેલ છે ?

(૨–બી). શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, હાલના દાવામાં વાદી કંપનીએ ખોટા દસ્તાવેજો ઉભા કરી કાયદેસર લેણું ન હોવા છતાં પ્રણિવાદી વિરૂઘ્ધ ખોટો દાવો કરેલ છે ?

(૨–સી). શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદી કંપનીને દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી ?

(૨–ડી). શું વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે ?

(૩). શું વાદી દાવા અરજી પેરા–૮ માં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪). શું હુકમ અને હુકમનામું ?

**(૬). <u>સદરહું મુદ્દાના જવાબ નીચે મુજબ છે</u> :–**

(૧). હકારમાં,

(૨). અંશત: હકારમાં,

(૨–એ). નકારમાં,

(૨–બી). નકારમાં,

(૨–સી). નકારમાં,

(૨–ડી). નકારમાં,

(૩). અંશત: હકારમાં,

(૪). આખરી હુકમ મુજબ.

**–: <u>નિર્ણય માટેનાં કારણો :–</u>**

ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં.૧ તથા ૨</u> :**

(૭). આ કામે મુદ્દા નં.૧ તથા ૨ પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે છે. આ કામે ઉપરોકત મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી ન્યાયિક સરળતા ખાતર આ દરેક મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

(૮). આ કામે વાદીના દાવાનું પ્લીડીંગ, વાદી પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ,વાદી પક્ષની મૌખિક દલીલો ધ્યાને લેતાં,વાદી કંપની પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ તે, તે ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ અન્વયે રચાયેલ સંસ્થા છે. તેનુ કાર્યક્ષેત્ર વિજ પુરવઠો ઉત્પન્ન કરવાનું અને સમગ્ર ગુજરાત રાજયમાં આધૌગિક, ઘર વપરાશ વિગેરે માટે વિજ પુરવઠો પુરો પાડવાનું કાર્ય કરે છે. વધુમાં આ કામે વાદી કંપની તરફથી આંક–૨૪ થી મોહીતભાઈ હિતેષ ભાઈ સીધ્ધપુરાએ પોતાનું સરતપાસનુ સોગંદનમું રજુ કરેલ છે જે વંચાણે લેતાં તેઓ વાદી કંપનીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. આ કામના પ્રતિવાદીને ત્યાં તા.૧૯/૧૦/ ૨૦૨૩ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા ચેકીંગ કરતા, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતાં અને કોઈપણ જાતનું વીજ મીટર આવેલ ન હોવા છતાં આ કામના પ્રતિવાદી વીજ ચોરી કરતા રંગેહાથ ઝડપાયેલ છે. જેથી તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વીજ જોડાણ તપાસણી અહેવાલ ભરેલ તેમજ સ્થળનું રોજકામ કરેલ અને વીજ ચોરીની કેલ્કયુલેશન શીટ બનાવેલ અને પ્રતિવાદી ને વીજ અધિનિયમ કલમ–૧૩૫ મુજબ વીજચોરીનું બીલ રૂા.૭૯,૩૦૧–૫૭/– નું તા.૨૦/૧૦/૨૦૨૩ નું આપવામાં આવેલ જે બીલ પ્રતિવાદીએ ન ભરતા તા. ૧૨/૦૪/૨૦૨૪ ના રોજ પ્રતિવાદીને વાદી કંપની તરફથી લીગલ નોટીસ પાઠવવા માં આવેલી તેમ છતાં પણ પ્રતિવાદીએ વાદીની લેણી રકમ ચુકવી ન આપતા પ્રતિવાદી સામે બાકી લેણી રકમ રૂા.૮૯,૫૭૧–૮૫/– ડી.પી.સી. ચાર્જ સાથે

વસુલ લેવા માટે વાદી કંપનીએ હાલનો દાવો દાખલ કરેલ છે. જે આંક–૧ ની દાવા અરજીમાં વાદી કંપનીના ડેપ્યુટી એન્જિનીયર ડી.એમ.ચોચાની સહી ઓળખી બતાવે છે. વાદીના ઉપરોકત સાહેદનું પ્રતિવાદી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જે વંચાણે લેતાં, હાલનો દાવો પી.જી.વી.સી.એલ.ના ડેપ્યુટી એન્જિનીયરે દાખલ કરેલ છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓ દસ્તાવેજો આધારે જુબાની આપે છે અને આ કામે વાદી તરફથી રજુ થયેલા દસ્તાવેજો વાદી કંપનીના દસ્તાવેજો હોવાનું કબુલ રાખે છે. વળી, વાદી તરફથી રજુ થયેલ આંક–૧૨ તથા આંક–૧૩ માં પ્રતિવાદીને ગ્રાહક તરીકેની સહી છે. તેમજ આંક–૧૪ વાળા દસ્તાવેજમાં ગ્રાહકે સહી કરવાની ના પાડેલ છે તેવો ઉલ્લેખ કરેલ છે તેમજ આ સિવાયના આંક–૧૫ થી આંક–૨૩ વાળા દસ્તાવેજમાં વાદી કંપનીના ડેપ્યુટી એન્જિનીયરની સહી કરેલ છે. આમ, આ દરેક દસ્તાવેજો વાદી કંપની તરફથી તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજો છે. જેથી આ સાહેદ માત્ર દસ્તાવેજો આધારે જુબાની આપતા હોય એટલા માત્રથી આ સાહેદનો પુરાવો ગ્રાહય ન રાખવા માટે કોઈ કારણ રહેતુ નથી.

(૯). વધુમાં આ કામે વાદી કંપની તરફથી આંક–૩૬ થી નાયબ ઈજનેર શ્રી દેવશીભાઈ મારખીભાઈ ચોચાનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે જે વંચાણે લેતાં તેઓ વાદી કંપનીના ભેસાણ સબ–ડીવીઝનના નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા ચેકીંગ કરતા, આ કામના પ્રતિવાદીના રહેણાક મકાને વાદી કંપનીનું કોઈ વીજ જોડાણ આવેલ ન હોવા છતાં મકાનની પાછળ આવેલ વાદી કંપનીની એલ.ટી.લાઈનના પોલ ઉપરથી ૧૨ મીટર લાંબો પીળા કલરનો વિજ વાયર મકાનની અંદર રહેલ ફયુઝ બોર્ડમાં જોડીને તેમાંથી પ્રતિવાદી તેમના ઘરમાં બિનઅધિકૃત રીતે વિજ ચોરી કરતા રંગેહાથ ઝડપાયેલા અને સ્થળ ઉપરથી વાદી કંપનીના અધીકારીઓએ ૧૨ મીટર લાંબો પીળા કલરનો વિજ વાયર કબજે લીધેલ જેના કનેકટેડ લોડ ૩.૫૦૩ જેના યુનીટ ૪૯૮૭ જે ચેકીંગ શીટ નં.૩૯૧૮ મા બતાવેલ છે જેનું રૂા.૭૯,૩૦૧–૫૭/–

પૈસાનું વીજ અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ વીજ ચોરીથી તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીને આપવામાં આવેલ જે વીજ બીલ પ્રતિવાદીએ ન ભરતા તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ પ્રતિવાદીને વાદી કંપની તરફથી લીગલ નોટીસ પાઠવવામાં આવેલી તેમ છતાં પણ પ્રતિવાદીએ વાદીની લેણી રકમ ચુકવી ન આપતા પ્રતિવાદી સામે બાકી લેણી રકમ રૂા.૮૯,૫૭૧–૮૫/– ડી.પી.સી. ચાર્જ નવેમ્બર–૨૦૨૩ થી જુલાઈ–૨૦૨૪ સુધીનો વસુલ લેવા માટે વાદી કંપનીએ હાલનો દાવો દાખલ કરેલ છે. જે આંક–૧ ની દાવા અરજીમાં વાદી કંપનીના ડેપ્યુટી એન્જિનીયર તરીકે વાદી સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. પરંતુ ઉપરોકત સોગંદનામા સબંધે વાદી સાહેદની ઉલટતપાસ થાય તે પહેલા વાદી તરફે વિધ્વાન વકીલશ્રીએ ઉપરોકત સોગંદનામું તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજ નોટપ્રેસ કરેલ છે, જેથી ઉપરોકત સોગંદનામું વંચાણે લઈ શકાય તેમ નથી.

(૧૦). વધુમાં, આ કામે વાદી કંપની તરફથી આંક–૪૧ થી કર્મચારી તુષાર કેશવભાઈ રાદડીયાનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે જે વંચાણે લેતાં તેઓ વાદી કંપની ના ભેસાણ સબ–ડીવીઝન મુ.મેંદપરા, તા.ભેસાણ મુકામે તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા ચેકીંગ કરતા, આ કામના પ્રતિવાદીના રહેણાંક મકાને વાદી કંપનીનું કોઈ વીજ જોડાણ આવેલ ન હોવા છતાં મકાનની પાછળ આવેલ વાદી કંપનીની એલ.ટી.લાઈનના પોલ ઉપરથી ૧૨ મીટર લાંબો પીળા કલરનો વિજ વાયર મકાનની અંદર રહેલ ફ્યુઝ બોર્ડમાં જોડીને તેમાંથી પ્રતિવાદી તેમના ઘરમાં બિનઅધિકૃત રીતે વિજ ચોરી કરતા રંગે હાથ ઝડપાયેલા અને સ્થળ ઉપરથી વાદી કંપનીના અધીકારીઓએ ૧૨ મીટર લાંબો પીળા કલરનો વિજ વાયર કબજે લીધેલ જેના કનેકટેડ લોડ ૩.૫૦૩ જેના યુનીટ ૪૯૮૭ જે ચેકીંગ શીટ નં.૩૯૧૮ મા બતાવેલ છે જેનું રૂા.૭૯,૩૦૧–૫૭/– પૈસાનું વીજ અધિ. ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ વીજ ચોરીથી તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીને આપવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદી સામે બાકી લેણી રકમ રૂા.

૮૯,૫૭૧–૮૫/– વસુલ લેવા માટે વાદી કંપનીએ હાલનો દાવો દાખલ કરેલ છે. જે દાવો કાયદેસરનો છે, આ કામે રજુ થયેલ ચેકીંગ શીટ તથા સ્થળ રોજકામમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ અન્ય કર્મચારીઓની પણ સહી ઓળખી બતાવે છે. વાદીના ઉપરોકત સાહેદનું પ્રતિવાદી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જે વંચાણે લેતાં, તેઓનો હોદ્દો જુનીયર ઈજનેરનો છે. તેઓ કબુલ રાખે છે કે તેઓએ ચેકીંગશીટ અને સ્થળ રોજકામ અને એનેક્ષર–૪ વિગરે કામગીરી કરી તેમની ઓફિસે જમા કરાવેલી અને આ સાહીત્ય જમા કરાવ્યા બાદ પછી શું કામગીરી થઈ તે તેમને ખબર નથી. આ પછીની કામગીરી તેમની ફરજમાં આવતી નથી. જે જગ્યાએ ચેકીંગ કરેલુ તે જગ્યાના માલીકી વિશે તેઓએ તપાસ કરેલ નહી સાહેદ જણાવેલ છે કે, કૃપેશભાઈએ જણાવેલ કે મકાન તેમની માલીકીનુ છે. કૃપેશભાઈની મિલકતના માલીકીના આધાર પુરાવાની તેઓએ કૃપેશભાઈ પાસે માંગણી કરેલી પણ તેઓએ રજુ કરેલ નહી. સુર્યાસ્ત પછી અને સુર્યોદય પહેલા મકાનમાં ચેકીંગ થઈ શકે પરંતુ તે મકાનમાં પુખ્ત વયના પુરૂષની હાજરીમાં થઈ શકે. કહેવાતા ચેકીંગ પછી આજદીન સુધી જુનાગઢ જીલ્લામાં તેમની નિમણુંક થયેલ નથી. આંક–૧૪ નો ડોકયુમેન્ટ જોઈ સાહેદ જણાવે છે કે તેમાં પ્રતિવાદીની સહી નથી. આંક–૧૨, આંક–૧૩ અને આંક–૧૪ ના ડોકયુમેન્ટ તેઓએ બનાવેલ છે.

**(૧૧).** વધુમાં, આ કામે વાદીના દાવાના કથનો તથા સરતપાસના પુરાવાની હકીકતો સંબધે આ કામે વાદી કંપની ધ્વારા આંક–૧૨ થી વિજ જોડાણ તપાસણી અહેવાલ, આંક–૧૩ થી રોજકામ, આંક–૧૪ થી કબજે લીધેલ વસ્તુઓની યાદી, આંક–૧૫ થી એનેકસર–સી, આંક–૧૬ થી સપ્લીમેન્ટરી બિલ, આંક–૧૭ થી બિલ આપ્યા નો ફોરવર્ડીંગ પત્ર, આંક–૧૮ થી નોટીસની સ્થળપ્રત, આંક–૧૯ થી રજી.એ.ડી. ની એકનોલેજમેન્ટ સ્લિપ, આંક–૨૦ કેલ્યુલેશન સીટ, આંક–૨૧ થી લેજર કોપી, આંક–૨૨ થી કેસ હિસ્ટ્રી તથા આંક–૨૩ થી દાખલ કરવાની મંજુરી રજુ કરેલ છે, જે દરેક દસ્તાવેજો વંચાણે લેતાં, તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વાદી કંપનીના

અધિકારીઓ દ્વારા ચેકીંગ કરતા, આ કામના પ્રતિવાદીના રહેણાક મકાને વાદી કંપનીનું કોઈ વીજ જોડાણ આવેલ ન હોવા છતાં મકાનની પાછળ આવેલ વાદી કંપનીની એલ.ટી.લાઈનના પોલ ઉપરથી ૧૨ મીટર લાંબો પીળા કલરનો વિજ વાયર મકાનની અંદર રહેલ ફ્યુઝ બોર્ડમાં જોડીને તેમાંથી પ્રતિવાદી તેમના ઘરમાં બિનઅધિકૃત રીતે વિજ ચોરી કરતા રંગે હાથ ઝડપાયેલા અને સ્થળ ઉપરથી વાદી કંપનીના અધીકારીઓએ ૧૨ મીટર લાંબો પીળા કલરનો વિજ વાયર કબજે લીધેલ જેના કનેકટેડ લોડ ૩.૫૦૩ જેના યુનીટ ૪૯૮૭ જે ચેકીંગ શીટ નં.૩૯૧૮ મા બતાવેલ છે જેનું રૂા.૭૯,૩૦૧–૫૭/– પૈસાનું વીજ અધિનિયમ–૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ વીજ ચોરીથી તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીને આપવામાં આવેલ જે વીજ બીલ પ્રતિવાદીએ ન ભરતા તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ પ્રતિવાદી ને વાદી કંપની તરફથી લીગલ નોટીસ પાઠવવામાં આવેલી તેમ છતાં પણ પ્રતિવાદીએ વાદીની લેણી રકમ ચુકવી ન આપતા પ્રતિવાદી સામે બાકી લેણી રકમ રૂા.૮૯,૫૭૧–૮૫/– ડી.પી.સી. ચાર્જ નવેમ્બર–૨૦૨૩ થી જુલાઈ–૨૦૨૪ સુધી નો વસુલ લેવા માટે વાદી કંપનીએ હાલનો દાવો દાખલ કરેલ હોવાની હકીકત ફલીત થાય છે.

**(૧૨).** ઉપરોકત હકીકતે વાદી કંપની દ્વારા વીજ જોડાણ અંગેનો તપાસણી અહેવાલ આંક ૧૨ થી રજુ થયેલ છે જેમાં પ્રતિવાદીએ ગ્રાહક તરીકે સહી કરેલ છે તેમજ આંક–૧૩ થી સ્થળ રોજકામ થયેલ છે જેમાં પણ પ્રતિવાદીએ ગ્રાહક તરીકે સહી કરેલ છે. તેમજ આંક–૧૪ થી સ્થળ ઉપરથી કબજે કરેલ વસ્તુઓની યાદી એનેક્ષર–૪ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીએ સહી કરવાની ના પાડેલ હોવાનુ દર્શાવેલ છે. વધુમાં આંક ૧૬ પ્રતિવાદીને પુરવણી બીલ આપવામાં આવેલ છે જે પ્રતિવાદી દ્વારા ભરપાઈ ન કરવામાં આવતા વાદી કંપની દ્વારા આંક–૧૮ થી પ્રતિવાદીને લેણી રકમની વસુલાત માટેની લીગલ નોટીસ આપવામાં આવેલ છે. તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીને લેણી રકમ વસુલ ન આપતા વાદીને હાલનો દાવો લાવી, પ્રતિવાદી પાસે

થી વિજ ચોરી બિલની રકમ રૂા.૭૯,૩૦૧–૫૭ તથા તેના પર જુન–૨૦૨૩ થી જુન–૨૦૨૪ સુધીનો ડીપીસી રૂા.૧૦,૨૭૦–૨૮ મળી કુલ રૂા.૮૯,૫૭૧–૮૫ પૈસા દાવા તારીખથી વસુલ થતા સુધી માસિક ૧.૩૩% લેખે ડીપીસી સહીત વસુલ મેળવવા હકકદાર હોવાનું જણાવેલ છે. જે વાદીની ઉપરોકત હકીકતોને આ કામે વાદી ધ્વારા રજુ થયેલા ઉપરોકત દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં, આ કામે વાદીની ઉપરોકત હકીકતોને સમર્થન મળે છે અને આ કામના પ્રતિવાદીએ આજદિન સુધી વાદી કંપનીની વિજ બિલની લેણી પડતી રકમ ચુકવેલ ન હોવાનું જણાઈ આવે છે અને તે રીતે વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી કુલ રૂા.૮૯,૫૭૧–૮૫ પૈસા ચડત વ્યાજ સહીત મેળવવાને હકકદાર હોવાનું જણાઈ આવે છે અને તે હકીકત વાદી તરફેના ઉપરોકત પુરાવાના સોગંદનામા તથા રજુ થયેલા ઉપરોકત દસ્તાવેજી પુરાવાના આધારે પુરવાર થાય છે.

(૧૩). વધુમાં, આ કામે વાદી કંપની તરફથી પ્રતિવાદી પાસેથી લેણી નિકળતી રકમ ઉપર માસિક ૧.૩૩% ના ચડત ડીપીસી સાથે વસુલ મેળવવા માટે માંગણી કરેલ છે. તે દરે વાદીએ આ કામના પ્રતિવાદી પાસેથી વ્યાજ કે ડી.પી.સી. વસુલ મેળવવા હકકદાર હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તરફે રજુ રાખવામાં આવેલ નથી. જેથી આ કામે વાદીને, પ્રતિવાદી પાસેથી લેણી નિકળતી વિજ બિલની લેણી રકમ ઉપર સદર વ્યાજ આપી શકાય નહીં તેવું આ કોર્ટનું સ્પષ્ટ માનવુ છે. વધુમાં, આ કામે વાદી કંપની, પ્રતિવાદી પાસેથી પોતાની લેણી રકમ વસુલ મેળવવાને હકકદાર હોવાનું વાદી પુરવાર કરી શકેલ હોય, જેથી આ કામે તેમની લેણી નિકળતી રકમ ઉપર વ્યાજ મેળવવાને હકકદાર હોવાનું જણાઈ આવે છે. જેથી પ્રવર્તમાન બેન્ક રેટ તથા હાલમાં પ્રવર્તમાન વ્યાજ દર તેમજ વ્યાજની બાબતમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધંતો તથા પ્રવર્તમાન વ્યાજના દરો ધ્યાને લેતા વાદીને લેણી રકમ રૂા.૮૯,૫૭૧–૮૫ પૈસા ઉપર દાવા તારીખથી વાર્ષિક ૬.૦૦% લેખે સાદું વ્યાજ અપાવવુ જોઈએ તો ન્યાયનો હેતું ફળશે તેવું જણાય આવે છે. આમ,

ઉપરોકત તમામ હકીકત તથા ચર્ચા તથા વાદી પક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં, વાદી મુદ્દા નં.૧ અને ૨ ની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલ હોય, આ કામે **મુદ્દા નં.૧** નો જવાબ આથી ''**હકાર**''માં આપી, તથા **મુદ્દા નં.ર** નો જવાબ ''**અંશત: હકાર**'' માં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.(ર–એ) થી (ર–ડી)</u> :**

**(૧૪).** આ કામે ઉપરોકત મુદ્દા નં.(ર–એ) થી (ર–ડી) પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીના શીરે છે. આ કામે ઉપરોકત મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી ન્યાયિક સરળતા ખાતર આ દરેક મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**(૧૫).** વધુમાં, આ કામે પ્રતિવાદીએ હાલના દાવાના કામે આંક–૩ર થી પોતાનો દાવા જવાબ રજુ કરેલ છે અને વાદીએ હાલના દાવાના કામે જે દસ્તાવેજ રજુ કરેલ છે તે ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદીએ કોઈ વીજ ચોરી કરેલ ન હોવા છતાં ખોટુ પુરવણી બીલ આપેલ છે અને કાયદેસરનું લેણુ ન હોવા છતાં અને દાવો કરવાનું કોઈ કારણ ન હોવા છતાં ખોટો દાવો લાવેલ હોવાનું તેમજ વાદીના દાવાને સમય મર્યાદાનો બાદ નડતો હોવાનો બચાવ લીધેલ છેપરંતુ પ્રતિવાદીએ પોતાના બચાવના સમર્થન માં કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી. તેમજ આંક–પ૭ થી આંક–૬૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે, પરંતુ આ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, આંક–પ૭ થી પ્રતિવાદીના પિતાની નામ ફેર ગેઝેટની નકલ, આંક–પ૮ થી વાદી તરફથી પ્રતિવાદીના પિતાને માસીક યોજનાનો લાભ મેળવવા માટે જાણ કરતો પત્ર, આંક–પ૯ થી ડિસ્ટ્રીકટ કોર્ટ, વિસાવદર તરફથી વાદીના પિતાને સ્પેશ્યલ દિવાની મુકદ્દમા (ઈલે.) નં.૧પ/ર૦૧૮ ના કામે પાઠવવામાં આવેલ નોટીસની નકલ, આંક–૬૦ થી પ્રતિવાદીના પિતાજીએ વાદી કંપનીમાં માંગણી કરેલ વીજ જોડાણનું ફોર્મ, આંક–૬૧ થી મેંદપરા,તા.ભેસાણ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ આકારણી પત્રક, આંક–૬ર થી રૂા.૪૦/– નું વીજ બીલ ઘુસા

ભાઈ રણછોડભાઈનાએ વાદી કંપનીમાં ભરપાઈ કરેલ તેની અસલ રસીદ, આંક–૬૩ થી પ્રતિવાદીના દાદાએ વાદી કંપનીમાં માંગેલ વીજ કનેકશનના ફોર્મની નકલ, આંક–૬૪ થી તલાટી મંતીશ્રી એ પ્રતિવાદીના દાદાને વીજ કનેકશનની જરૂરીયાત હોવાનું આપેલ દાખલાની નકલ, આંક–૬૫ થી પ્રતિવાદીના દાદાના સંયુકત નામે આવેલ જમીનના ૭–૧૨ ની નકલ, આંક–૬૬ થી પ્રતિવાદીના દાદાના સંયુકત નામે આવેલ જમીનના ૮–અ ની નકલ રજુ કરેલ છે. પરંતુ ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેતા તે પ્રતિવાદીના જવાબની હકીકતે સમર્થન કરતા નથી તેમજ પ્રતિવાદીને વ્યાજબી અને પુરતીતકો આપવા છતાં, પ્રતિવાદી પોતે તેમની આંક–પર ની ઉલટ તપાસ માટે અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી. જેથી તેમનુ આંક–પર નુ સરતપાસ સોગંદનામું વંચાણે ન લેવા બાબતનો હુકમ કરવામાં આવેલ છે.

(૧૬). વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના ***Vidhyadhar v. Manikrao,*** *AIR 1999 SC 1441* ના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં,

> 16. Where a party to the suit does not appear into the witness box and states his own case on oath and does not offer himself to be cross examined by the other side, a presumption would arise that the case set up by him is not correct as has been held in a series of decisions passed by various High Courts and the Privy Council beginning from the decision in Sardar Gurbakhsh Singh v. Gurdial Singh and Anr. . This was followed by the Lahore High Court in Kirpa Singh v. Ajaipal Singh and Ors. AIR (1930) Lahore 1 and the Bombay High Court in Martand Pandharinath Chaudhari v. Radhabai Krishnarao Deshmukh AIR (1931) Bombay 97. The Madhya Pradesh High Court in Gulla Kharagjit Carpenter v. Narsingh Nandkishore Rawat also followed the Privy Council decision in Sardar Gurbakhsh Singh's case (supra). The Allahabad High Court in Arjun

Singh v. Virender Nath and Anr. held that if a party abstains from entering the witness box, it would give rise to an inference adverse against him. Similarly, a Division Bench of the Punjab & Haryana High Court in Bhagwan Dass v. Bhishan Chand and Ors., drew a presumption under Section 114 of the Evidence Act against a party who did not enter into the witness box.

(૧૭). આમ, ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લેતાં પ્રતિવાદી પોતે ઉલટતપાસ માટે હાજર રહેલ નથી અને તે કારણથી પ્રતિવાદીની ઉલટતપાસ થઈ શકેલ નથી ત્યારે એવા સંજોગોમાં પ્રતિવાદી વિરૂધ્ધ “ADVERSE INFERENCE” ઉભુ થાય છે. વધુમાં, પ્રતિવાદીનુ આંક–પર નુ સરતપાસ સોગંદનામું વંચાણે ન લેવા બાબતનો હુકમ થયા બાદ પણ પ્રતિવાદી પોતે અત્રે અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે હાલના દાવાના કામે કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી પ્રતિવાદીના આંક–પર ના સરતપાસના સોગંદનામાનું કોઈ મુલ્ય રહેતુ નથી અને તેથી પ્રતિવાદી તરફથી રજુ થયેલ આંક–પ૭ થી આંક–૬૬ ના દસ્તાવેજો પ્રતિવાદીને મદદરૂપ થાય તેમ નથી. તેમજ રેકર્ડ ઉપર રજુ થયેલો પુરાવો ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી મુદ્દા નં. (ર–એ) થી (ર–ડી) પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, જેથી આ કામે **મુદ્દા નં. (ર–એ) થી (ર–ડી)** નો જવાબ આથી "**નકાર**" માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૩ :**

(૧૮). આ કામે ઉપરોકત ચર્ચા કરેલ હકીકતો ધ્યાને લેતાં વાદી કંપની રૂા.૮૯,૫૭૧–૮૫ પૈસા પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર હોવાનું અને આ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવમાં સફળ રહેલ હોય તેમજ આ કામના પ્રતિવાદી આ રકમ વાદી કંપનીમાં ભરપાઈ કરવા માટે જવાબદાર બનતા હોય, તેવા સંજોગોમાં આ કામના વાદીએ પોતે તેમનો દાવો સાબિત કરવામાં તેમજ હાલના દાવામાં, માંગ્યા મુજબની દાદ મેળવવા માટે વાદી હકકદાર હોવાનું જણાય આવતું

હોય, આમ, ઉપરોકત તમામ હકીકત તથા ચર્ચા તથા વાદી પક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, વાદી પક્ષની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવે છે, આ કામે **મુદ્દા નં.૩** નો જવાબ આથી "**અંશત: હકાર**" માં આપી, તથા **મુદ્દા નં.૪** પરત્વે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧). વાદીનો દાવો આથી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨). આ કામના પ્રતિવાદી કૃપેશભાઈ ચંદુભાઈ સાવલીયાએ હાલના દાવા મુજબની વાદીની લેણી રકમ રૂા.૮૯,૫૭૧–૮૫ પૈસા દાવા તારીખથી તે વસુલ થતા સુધી વાર્ષિક ૬% લેખે સાદા વ્યાજ સહીત વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડને ચુકવી આપવાનો અને વાદી તે મુજબ પ્રતિવાદીની જાત તેમજ સ્થાવર જંગમ મિલ્કત માંથી વસુલ મેળવવા હકકદાર છે, તેવો હુકમ કરવામાં આવે છે.

(૩). પ્રતિવાદીએ, દાવાનો ખર્ચ વાદીને ચુકવી આપવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

(૪). હુકમ મુજબનું હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ : ૩૦ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
મુખ્ય સીવીલ જજ,
ભેસાણ.
(જજ કોડ–જીજે ૦૧૩૯૧)